# શિક્ષકો આતંકવાદ વિરોધી વિચારધારા વહેતી કરે

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના દિવસે ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલ આતંકવાદી હુમલાને આજે બરાબર દસ વર્ષ પૂરા થયા છે. ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ ના દિવસે ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો થયો હતો, જેના અનુસંધાનમાં અમેરિકાએ વિશ્વવ્યાપી આતંકવાદના વિરુદ્ધમાં "ઓપરેશન એન્ડ્યુરિંગ ફ્રીડમ" નામથી યુદ્ધની જાહેરાત કરી હતી. સંયોગ એવો બન્યો કે, ૧૧ સપ્ટેમ્બરના દિવસે જ ૧૮૯૩માં શિકાગોમાં વિશ્વ ધર્મ સંમેલનમાં સ્વામી વિવેકાનંદે પોતાના યાદગાર ભાષણમાં વિશ્વના બધા જ ધર્મોના સારરૂપે પ્રેમ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય સમાજને જાગૃત કરેલ.

આતંકવાદ આજે સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય બની ગયો છે, દુનિયાનો ભાગ્યે જ એવો કોઇ દેશ બાકી હશે કે જે આતંકવાદનો શિકાર ન બન્યો હોય. આતંકવાદ એ લોકશાહી વિરુદ્ધનું યુદ્ધ અને માનવતા વિરુદ્ધ અપરાધ છે. વીસમી અને એકવીસમી સદી નવી શોધખોળ માટેની સદી બની રહી. ટેકનોલોજીની સદી ગણાવા લાગી. આ સદીઓમાં જ આતંકવાદની પણ શોધ થઇ. જે ટેકનોલોજીનો ઉપયોગ વ્યક્તિના વિકાસ માટે કરવાનો હતો તેનો ઉપયોગ વ્યક્તિના વિનાશ માટે પણ થવા લાગ્યો. આઝાદી પછી ઇ.સ.૨૦૦૩ સુધીમાં ભારતમાં ૬૦,૦૦૦ થી વધુ લોકો આતંકવાદનો શિકાર બન્યા હતા. યુ.એસ.ના વલ્ડ ટેડ સેન્ટરનો નાશ, જમ્મુ-કશ્મિર વિધાનસભા અને દિલ્હીમાં સંસદ , ગાંધીનગરમાં અક્ષરદામ પરના હુમલાઓ, મુંબઇમાં બોમ્બ બ્લાસ્ટ, સાઉદી અરેબિયાના પાટનગર રિયાધમાં અને મોરોક્કોમાં, લંડનમાં આતંકવાદી હુમલાઓ, હવે તો આતંકવાદનું જન્મ સ્થળ ગણાતા પાકિસ્તાનમાં પણ આતંકવાદી હુમલાઓ વગેરે સાબિત કરે છે કે આતંકવાદને નથી કોઇ દેશ કે નથી કોઇ ધર્મ. બસ તેમનો ધર્મ છે હિંસા, ધાકધમકી, બળજબરી,શારીરિક માનસિક ત્રાસ.

બળવો અને આતંકવાદમાં થોડી ભેદ રેખા છે. બળવો જે તે રાષ્ટ્રીય સીમા સુધી જ મર્યાદિત હોય છે અને પોતાની સરકારની વિરુદ્ધ હોય છે. તે પોતાના દેશના જ સ્થાનિક લોકોના સહકારથી જ ચાલે છે. ભારતમાં નાગાલેન્ડનું સર્જન બળવાખોરીને કારણે જ થયેલું. અસમ રાજ્ય પણ બળવાખોરી પ્રવૃત્તિથી ધણધણતું હતું. કેટલાક દિવસ પહેલાં જ સરકાર અને તેમની વચ્ચે સમાધાન થતાં બળવાખોરોએ હિસાનો ત્યાગ કર્યો છે. નકસલવાદીઓની પ્રવૃત્તિ પણ બળવા તરીકે જ ઓળખી શકાય. જે ભારતમાં પશ્ચિમ બંગાળના નકસલબારી વિસ્તારથી શરૂ થઇ હતી અને ત્યારબાદ ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, કેરળ, ત્રિપુરા, છત્તીસગઢ, ઝારખંડ અને મધ્યપ્રદેશ સુધી વિસ્તરેલ છે. જ્યારે આતંકવાદ એ આંતરરાષ્ટ્રીય છે, તેને ભૌગોલિક કોઇ સીમા હોતી નથી. તે પોતાના દેશ કે અન્ય દેશની સરકાર વિરુદ્ધ હોય છે. આતંકવાદ એક વ્યક્તિને મારીને અનેક લોકોને ડરાવવા ઇચ્છે છે. આ એક મનૌવૈજ્ઞાનિક તકનીકી કહી શકાય. આતંકવાદ જાયરે ફૂલતોફાલતો હોય ત્યારે તેને અટકાવવા અને તેનો સામનો કરવાના ભાગરૂપે દરેક દેશે તેના નાગરિકોમાં બાળપણથી જ સંસ્કાર રેડવા પડે.

શાળા-કોલેજોના અભ્યાસક્રમમાં આતંકવાદ વિશેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધો.૮ થી જ આ સમસ્યાને લઇને વિદ્યાર્થીઓને જાગૃત કરવાનો પ્રયત્ન આપણા કેળવણીકારો કરી રહ્યા છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, આતંકવાદને નાબૂદ કરવા કે તેની સામે લડવા માત્ર જ્ઞાનાત્મક જાગૃતિ ચાલી શકે ખરી. આતંકવાદીઓ આતંકવાદ ફેલાવવા જે પ્રકારના, જેટલી લાગણીથી, જુસ્સાથી, હિંમતથી, ફૂનેહથી

પ્રયત્નો કરી રહ્યા છે, ત્યારે અભ્યાસક્રમમાં માત્ર આતંકવાદ વિરોધી ડાહી ડાહી વાતો મૂકી દેવાથી આજનો વિદ્યાર્થી આતંકવાદ સામે ઊભો રહેવા તૈયાર થશે ? આજના વિદ્યાર્થી કે યુવાનને આતંકવાદ સામે લડવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપે તેવા કોઇ અન્ના હજારે છે ? રાજકીય માણસો પાસે ભાષણો કર્યા સિવાયના બીજા કોઇ ઉપાયો છે ? અરે, ઉપાયોની વાત જવા દો, હવે તો આજનો વિદ્યાર્થી કે યુવાન રાજકારણ અને રાજકીય વ્યક્તિને નફરત કરતો થઇ ગયો છે. જેનું પ્રત્યક્ષ દર્શન આપણે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમામ જોઇ લીધું. આપણી સરકાર કે આપણી લોકશાહી એટલી તો પાંગળી બની ગઇ છે કે, આતંકવાદીઓને યોગ્ય શિક્ષા કરવાનું નક્કી કરવામાં અને નક્કી કર્યા પછી અંજામ સુધી પહોંચાડવામાં લાંબો સમય લે છે. આજના યુવાવર્ગને આ પસંદ નથી. આતંકવાદીઓને શિક્ષા કરવામાં પણ રાજકારણ ! રાજીવગાંધીની હત્યા કરનાર આતંકવાદીઓને ફાંસીની સજા માફ કરવા માટે પ્રાદેશિક સરકારો ભલામણ કરે ? આજે ભારતમાં જુદા જુદા રાજ્યોમાં બળવાખોરી કે આતંકવાદ ચાલી રહ્યો છે, ત્યારે જે તે પ્રદેશની સરકારો ગુનેગારોને થયેલી સજા ઘટાડવા કે માફ કરવાની માંગણી કરે તેને શું સમજવું ? અહીં રાજકીય માણસો અને પક્ષોનો સ્વાર્થ ખુલ્લો પડી જાય છે. ત્યારે વર્ગખંડમાં આતંકવાદનો મુદ્દો ભણાવતા શિક્ષકે આપવાની તતી વધારાની માહિતી વખતે આજના બોદા રાજકીય નિર્ણયોની વાત કરવાની કે નહીં ? તેની અસર વિદ્યાર્થીઓના માનસ પર શું થશે ?

આમ જોવા જઇએ તો આતંકવાદ સામે લડવામાં કોઇ રાજકારણ ન ચાલે. ટીમવર્કથી કામ કરવું પડે, ચોક્કસ સકારાત્મક નિર્ણયો લઇને તેનો અમલ કરવો જ પડે. તાત્કાલિક ન્યાય કરવો જ જોઇએ. લાંબા સમયે મળતો ન્યાય પણ અન્યાય બરાબર જ છે. આપણી અત્યંત ધીમી ન્યાયપ્રણાલીને ઝડપી બનાવવી જ પડે. માનવઅધિકાર કે લોકશાહીનો પાલવ ઓઢીને આતંકવાદ વધુ ફૂલેફાલે તેવા ખોટા નિર્ણયોથી બચવું જ પડે ? પણ આ બાબતોથી કોણ કોને બચાવે ? કારણ કે રાજકીય પક્ષોને આતંકવાદ ડામવા કરતાં તો પોતાના અંગત રાજકારણમાં વધુ રસ છે ? બીજા પક્ષોના ખાંચા શોધવામાં અને પોતાના પક્ષના ભ્રષ્ટ્રાચારી કે ગુંડા જેવા માણસોને બચાવવામાંથી સમય મળે તો અન્ય સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે ને ? ભારતમાં આતંકવાદ છેલ્લા વીસ-પચ્ચીસ વર્ષથી ખૂબ જ વકર્યો છે. જેની પાછળનું મુખ્ય કારણ આતંકવાદીઓને આતંકવાદ ફેલાવવા માટે ભારત સ્વર્ગ સમાન લાગે છે. ત્યારે પ્રજા પાસે માત્ર એક જ વિકલ્પ બાકી રહે છે ભગવાનને પ્રાર્થના કરવાનો, કે હે પ્રભુ, તું અમારા રાજકીય નેતાઓને એવી બુદ્ધિ અને શક્તિ આપ કે જેઓ આતંકવાદ સામે પૂરી નિષ્ઠાથી લડે અને સાથે આતંકવાદીઓને પણ એવી બુદ્ધિ આપ કે તેઓ આતંકવાદી પ્રવૃત્તિ છોડી દે. પણ ભગવાન આ પ્રાર્થના જ્યાં સુધી ન સાંભળે ત્યાં સુધી શિક્ષકોએ પોતાની ભૂમિકા અદા કરીને પૂરી નિષ્ઠા અને તટસ્થતાથી વર્ગખંડમાં આતંકવાદ વિરોધી વિચારધારાને વહેતી રાખવી પડશે.

**dr.ashokpatel@in.com**